# ગાંધીનગરમાંથી જ લખાયેલ ટપાલ ૧૧ દિવસે મળતા શિક્ષિત બેરોજગારે નોકરીની તક ગુમાવી

## ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીએ તા. ૨૭-૨૮ એપ્રિલના ઔદ્યોગિક મેળા અને સ્વરોજગાર શિબિર માટે તા. ૨૨મી એપ્રિલે મોકલેલ પાત્ર ઉમેદવારને તા. ૨જી મે ના રોજ મળ્યો : ટપાલ ખાતાની કથળતી સેવાનો ઉત્તમ નમૂનો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા સેક્ટર-૨માં રહેતા એક શિક્ષિત યુવાનને ઔદ્યોગિક ભરતી મેળા અને સ્વરોજગાર શિબિરમાં હાજર રહેવા માટેનો પત્ર કાર્યક્રમ પતી ગયા બાદ મળ્યો હતો. ગાંધીનગરમાંથી ગાંધીનગર માટે જ મોકલાયેલ આ પત્ર ટપાલખાતાની મહેરબાનીથી અગિયાર દિવસે મળે તે ટપાસસેવાની કથળેલી પરિસ્થિતિનો મોટો પુરાવો છે. ટપાલખાતાની બેદરકારીના કારણે અનેક શિક્ષિત યુવાનોના ભાવિ અંધકારમય બની રહ્યાં છે. પરંતુ પોસ્ટ વિભાગના અધિકારીઓના પેટનું પાણી પણ હાલતુ નથી.

**અહો વૈચિત્ર્યમ્..!!!**

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા. ૨૦મી એપ્રિલે સે. ૨ના શિક્ષિત બેરોજગાર યુવાનને તા. ૨૭મી અને તા. ૨૮મી એપ્રિલ દરમ્યાન યોજવામાં આવેલ ઔદ્યોગિક ભરતી મેળો એન સ્વરોજગાર શિબિરમાં હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ માટેનો આમંત્રણ પત્ર તા. ૨૨મી એપ્રિલના રોજ કચેરી દ્વારા પોષ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ ટપાલખાતાની બલિહારીથી આ પત્ર યુવાનને છેક તા. ૨જી મે ના રોજ મળ્યો હતો. સે. ૭ પોસ્ટ ઓફિસના સિક્કાવાળા આ પત્રને મેળવી યુવાન હેબતાઈ ગયો હતો અને રોજગારી માટેની તક હાથમાંથી સરી જવા પામી હતી. આ પત્ર પર રોજગાર વિનિમય કચેરી દ્વારા પોષ્ટ કરાયા બાદ તા. ૨૨મી એપ્રિલનો સિક્કો પણ મોજુદ હોવા છતાં તેમજ પત્રનું શહેરમાં જ સરનામુ હોવા છતાં છેક અગિયાર દિવસે પહોંચે ત્યારે આવા શિક્ષિત બેરોજગારને તો 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી સ્થિતિ જ પેદા થાય ને ? શહેરના જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર ડાક અદાલતમાં પોષ્ટ ખાતાની બેકાળજીઓ અંગે અનેક ફરિયાદો કરવા છતાં હજુ પણ નગરજનોને ટપાલ નિયમિત મળતી નથી ત્યારે આજના બદલાયેલા ઝડપી યુગમાં ટપાલ સેવા અપ્રસ્તુત બનતી જાય તેમાં વાંક ટપાલખાતાનો પોતાનો જ છે. બેદરકારી ભરેલી સેવાઓના કારણે એક શિક્ષિત યુવાનના અરમાનો અને કારકિર્દી સાથે ચેડાં થવા પામે ત્યારે જવાબદારી કોની ?

# ગાંધીનગરમાં મહારાણા પ્રતાપ જયંતિ નિમિત્તે મહારેલી યોજાશે

ગાંધીનગર, તા.૬

રાજપૂત સંસ્કૃતિ, દેશ ભકિત, નૈતિકતા, વફાદારી વગેરે ગુણો માટે પ્રસિદ્ધ ભારતના મહાન સપૂત 'મહારાણા પ્રતાપ'ની ૪૭૫મી જન્મજયંતિની ઉજવણી રાજપૂત સમાજ દ્વારા આગામી તા. ૯મી મેના રોજ કરવામાં આવશે. આ અવસરે વિશાળ શોભાયાત્રા યોજાશે. જેમાં સમાજની દિકરીઓ દ્વારા તલવાર રાસ અને દિકરાઓ દ્વારા તલવાર બાજીનું નિદર્શન કરવામાં આવશે તથા સમાજના સભ્યો સાફો અને પાઘડી જેવા પરંપરાગત પોશાકમાં આકર્ષણ જમાવશે.

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તથા શ્રી રાજપૂત સમાજના સંયુકત ઉપક્રમે થનાર આ ઉજવણી દરમિયાન મહારેલી શનિવારે સવારે ૮ વાગે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, સેકટર-૧૭ના કાર્યાલયથી નીકળી શ્રી રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨ સુધી પહોંચશે. સમાજના સભ્યો આ રેલીમાં પરંપરાગત પોશાકમાં સજ્જ થઈ મોટર સાઈકલમાં, જીપમાં અને પગપાળા જોડાશે. સૌ પ્રથમવાર યોજાનાર આ ઉજવણી દરમિયાન મહારેલી, શોભાયાત્રા બાદ યોજાનાર કાર્યક્રમમાં સમાજના કુરિવાજો નાબુદ કરવા તથા ગાંધીનગર શહેરમાં મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવા માટેનો ઠરાવ કરી તેની રજૂઆત મહાનગરપાલિકા પાસે કરવામાં આવશે.

# છત્રાલ જીઆઈડીસી રોડ પર અકસ્માતમાં બાઈકસવારનું મૃત્યુ

## લોડીંગ ટેમ્પો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા. ૬

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં સ્થિત છત્રાલ જીઆઈડીસી માર્ગ પર ગઈ સાંજે લોડીંગ ટેમ્પોના ચાલકે એક બાઈકને અડફેટે લઈ લેતાં બાઈક સવાર યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. અને માથાના ભાગે થયેલી ગંભીર ઈજાઓને પગલે સારવાર દરમ્યાન મોતને ભેટ્યો હતો. કલોલ તાલુકા પોલીસે ટેમ્પોચાલક સામે ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કલોલના અંબાજીનગર વિસ્તારમાં રહેતા અઝરૂદ્દીન મોહમદભાઈ ચૌહાણ ગઈકાલે સાંજે તેમનું બાઈક લઈને રાજેન્દ્રભાઈ મનુભાઈ પટેલને લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન છત્રાલ જીઆઈડીસી રોડ પર બેફામ ગતિએ જતી લોડીંગ ટેમ્પો નં. જીજે-૧૮ એક્સ ૪૬૦૮ ના ચાલકે જુની ખોડીયાર હોટલ સામે બાઈકને ટક્કર મારતાં બન્ને મિત્રો ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયા હતા. બાઈકચાલક અઝરૂદ્દીનને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

પરંતુ બાઈક સવાર રાજેન્દ્રભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા પરંતુ તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. કલોલ તાલુકા પોલીસે અઝરૂદ્દીનની ફરીયાદને આધારે ટેમ્પોચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ પી.સી. સરવૈયાએ તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આજે સે-૨૯માં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને સેકટર-૨૯ના અર્બન હેલ્થ સેન્ટર દ્વારા તા. ૭મી મે ગુરુવારે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સે-૨૯ના અર્બન હલ્થ સેન્ટર ખાતે બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે. નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનો નગરજનોએ શકય તેટલો વધુ લાભ લેવા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ભાટ ગામની વૃધ્ધાનું ચક્ષુદાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના ભાટ ગામના દરબારવાસમાં રહેતા ૮૦ વર્ષીય વૃધ્ધા બાલુબેન ભવાનસિંહ વાઘેલાનું નિધન થતા તેમના કુટુંબીજન વનરાજસિંહ ભવાનસિંહની સંમતિથી ચક્ષુદાન કરાયુંહતું. આ ચક્ષુદાન કાર્ય માટે તબીબી સેવા સિવીલ હોસ્પિટલના ડૉ. મીત મસરાએ આપી હતી. આ કાર્ય માટે જુસિકાના કાર્યકર દિલીપભાઈ દંતાણી તથા રાજુભાઈ વાઘેલાએ સેવાઓ પુરી પાડી હતી જયારે ડી.એન. પરમારે ચક્ષુઓને અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં ચક્ષુ બેંક સુધી પહોંચાડવાની જહેમત ઉઠાવી હતી.

# દારૂના નશામાં ધૂત બાઈક ચાલક કારમાં ઘુસી ગયો

## ચ-માર્ગ પર બનેલી ઘટનામાં બાઈકચાલક ઉછળીને કારની છત પર પડતા ફિલ્મના સ્ટંટ જેવો માહોલ સર્જાયો



ગાંધીનગર, તા. ૬

ચ-માર્ગ પર બપોરના અરસામાં બાઈક લઈને જતા એક યુવાને તેનુ બાઈક આગળ જતી એક કારમાં ઘુસાડી દીધુ હતુ. પાછળથી બાઈક કારમાં ઘુસાડી દેનાર યુવાન દારૂના નશામાં ચકચૂર હતો. તેને ઉભુ રહેવાના પણ હોશ ન હતા. અકસ્માત બાદ બાઈક પરથી ઉછળીને બાઈક ચાલક શખ્સ આગળની કારના છાપરા પર પડ્યો હતો અને ફિલ્મના સ્ટંટ જેવો માહોલ સર્જાયો હતો.

કારચાલકને છત પર કાંઈક પડ્યુ હોવાનો જોરથી અવાજ આવતાં ચોંકી ગયો હતો અને બ્રેક મારીને કાર ઉભી કરી છત પર જોયુ તો બાઈક પરથી ઉછળીને પડેલો યુવાન હતો. બે મિનિટમાં લથડીયા ખાતો આ યુવાન છત પરથી પણ ઢળી પડ્યો હતો. જો કે કોઈ મોટી ઈજા થવા પામી ન હતી.

# મોબાઈલ ડ્રગ ટેસ્ટિંગ વાન લેબોરેટરીનો શુભારંભ

## સ્થળ પર દવાની ગુણવત્તા ચકાસણી : મોબાઇલ ટેસ્ટિંગ વાનથી અપ્રમાણસર દવાઓનું વિતરણ અટકશે : નીતિન પટેલ

ગાંધીનગર, તા.૬

રાજ્યના પ્રજાજનોને મળતી આરોગ્ય સવલતો ગુણવત્તાયુક્ત દવાઓ પુરી પાડવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે જેના ભાગરુપે સમગ્ર દેશમાં ગુજરાતે પહેલ કરી છે. રાજ્યના પ્રજાજનોને ગુણવત્તાયુક્ત દવાઓ મળી રહી છે જેનાથી રાજ્યમાં અપ્રમાણસર દવાઓનું સ્થળ ઉપર જ પરિક્ષણ કરાશે તથા ટેકનોલોજીની મદદથી રાજ્ય કે રાજ્ય બહારથી દવાઓની ગુણવત્તા ઉપર પણ ચાંપતી નજર રાખવામાં આવશે જેનાથી અપ્રમાણસર દવાઓનું વિતરણ અટકશે અને પ્રજાજનોને જ દવાઓની ગુણવત્તા અંગે ચકાસણી કરવામાં આવશે તેમજ આ અંગે પ્રકાશબીમની ટેકનોલોજીનો ઉપયોગ કરી દેવાઓનું પેકિંગ તોડ્યા વગર નકલી દવા, કાઉન્ટર ફીટ કે અપ્રમાણસર દવાઓનું સ્થળ ઉપર જ પરીક્ષા બનશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ખોરાક અને ઔષધ



રહે તે માટે મોબાઈલ ડ્રગ ટેસ્ટિંગ વાન લેબોરેટરી શરૂ કરીને સમગ્ર દેશને નવો રાહ ચિંધ્યો છે, તેમ આરોગ્યમંત્રી નીતીનભાઈ પટેલે જણાવ્યુંછે. મોબાઈલ ડ્રગ ટેસ્ટિંગ વાન લેબોરેટરીને લોકાર્પણ કરતા આરોગ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ઔષધોના નમુનાઓની પણ ઓન દ સ્પોટ ચકાસણી થઈ શકે તે માટે મોબાઈલ ડ્રગ ટેસ્ટિંગ વાન શરૂ કરવામાં આવી પ્રમાણસર ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ બનશે. અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચે શરૂ થનાર આ આધુનિક મોબાઈલ વાનમાં અદ્યતન ટેકનોલોજીવાળા ડ્રગ ચકાસણીના સાધનો જેવા કે રામન સ્પેક્ટોફોટોમીટર, નીયર ઈફારેડ, એકસરે ફલોરોસન્સ એનેલાઈઝર જેવા સાધનો ઉપલબ્ધ કરાયા છે. આ સાધનો દ્વારા સ્થળ ઉપર નિયમન તંત્ર દ્વારા અંદાજિત દર વર્ષે ૧૦૦૦૦ જેટલા નમુનાની ચકાસણી કરવામાં આવે છે ગુજરાત મેડિકલ સર્વિસઝ કોર્પોરેશન દ્વારા ખરીદી માટે આવતા નમુના, ખુલ્લામાંથી લેવામાં આવતા નમુના ઉત્પાદકો ડોક્ટર્સ, ખાનગી હોસ્પિટલ સરકારી હોસ્પિટલમાંથી લેવામાં આવતા નમુનાઓની ચકાસણી પણ કરવામાં આવશે.

# પાનસર ચોકડી નજીક મધરાત્રે ખુલ્લેઆમ જુગાર રમતાં ૧૦ ઝડપાયા

## રૂ. ૧૧૮૨૦નાં મુદ્દામાલ સાથે ૧૦ શકુનીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં સ્થિત કલોલ શહેર પાસેનાં પાનસર ચોકડી નજીક મધરાત્રે ખુલ્લેઆમ લાઈટના અજવાળે જુગાર રમતા ૧૦ શખ્સોને કલોલ સીટી પોલીસે ઝડપી પાડયા હતાં. પોલીસે રૂ. ૧૧૮૨૦ના મુદ્દામાલ સાથે તમામ ૧૦ શકુનીઓની ધરપકડ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

કલોલ સીટી પોલીસને ગઈ રાત્રે બાતમી મળી હતી કે પાનસર ચોકડી નજીકના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ નીચે કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા છે. જેને આધારે રાત્રે અઢી વાગ્યે બાતમીવાળા સ્થળે દરોડો પાડીને ૧૦ શકુનીઓને પકડી પાડયા હતાં. કલોલના અલગ અલગ વિસ્તારમાં રહેતા ઈસ્માઈલ અહેમદ શેખ, સિકંદર અહેમદ મલેક, ઈરફાન અબ્દુલ પઠાણ, તારીફ હુસેન બદરૂદીન અસારી, સાબીર શેરૂ કાજી, નસરૂ હારૂન પરમાર, અલાઉદ્દીન આઝમ મલેક, ગુલામહૈદર હસન ચૌહાણ, યુસુફ અહેમદ ચૌહાણ અને હુસેન ઉસ્માન મકરાણી મળીને ૧૦ શખ્સોની રોકડ રૂ. ૮૨૨૦ તથા ૮ નંગ મોબાઈલ મળીને કુલ રૂ. ૧૧૮૨૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# નગરના વડીલો માટે અંબાજીનો પ્રવાસ યોજાયો




ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સિનીયર સીટીઝનો માટે અંબાજી દર્શનના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩જીને રવિવારે યોજાયેલા આ પ્રવાસમાં ગાંધીનગર અને અમદાવાદના મળીને કુલ ૪૦ વડીલો જોડાયા હતાં.

પ્રવાસ દરમિયાન સંસ્થાના સિનીયર સીટીઝન સભ્ય નારાયણભાઈ પટેલે સંસ્થાની કામગીરી અંગેનો ચિતાર આપ્યો હતો અને પશાભાઈ પટેલે આગવી શૈલીમાં સંસ્થાની કામગીરીની પ્રસંશા કરી હતી. મહિલા આગેવાન અરૂણાબેન ચૌધરીએ પણ પ્રસંગોચિત વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું. સંસ્થાના મેનેજીંગ ડિરેકટર હનુપ્રિયા શર્મા તથા મફતલાલ પટેલે પ્રવાસનું સુંદર આયોજન કર્યું હતું. ટ્રસ્ટના સ્વયંસેવક કિર્તીભાઈ, સતીષભાઈ, ખોડીદાસ, વિપુલભાઈ, સુનિલભાઈ તથા જય એ ઉત્કૃષ્ઠ સેવાઓ આપી હતી. પ્રવાસ દરમિયાન તમામ પ્રવાસીઓ માટે ચા નાસ્તા તેમજ ભોજન મહાપ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. પ્રવાસીઓએ મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રવાસ દરમિયાન જૈન ટ્રાવેલ્સના માલિક સંપતભાઈએ ખૂબ સહકાર પૂરો પાડયો હતો.



**બુદ્ધ પૂર્ણિમાએ સેવા યજ્ઞ**

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના અંતરિયાળ વિસ્તારના જાભ ચિતરીયા ગામે બુધ્ધ પૂર્ણિમાના દિવસે સેવાયજ્ઞ હાથ ધરાયો હતો. આ સેવાયજ્ઞમાં સમિતિ દ્વારા ૧૦૫ વિધવાઓને ૩ કિલો ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૧૧

### તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૭ ટકા ● સાંજે ૨૩ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્કીન-૧ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્કીન-૨ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્કીન-૩ :**

જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્કીન-૪ :**

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

**સિટીપલ્સ**

**સ્કીન-૧ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્કીન-૨ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્કીન-૩ :**

એવેન્જર્સ ૨ (ઇંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્કીન-૪ :**

જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્કીન-૫ :**

ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

### આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

### ચિરવિદાય

● સ્વ. અરવિંદભાઈ આશાભાઈ પટેલ (ઉ.વ.૫૯) ચ-૯, કિર્તિરાજ સોસાયટી, પેથાપુર, તા.જી.ગાંધીનગર